GJJN220002082026

| | |
|---|---|
| દાખલ તારીખ : | ૦૨/૦૭/૨૦૨૬ |
| નોંધણી તારીખ : | ૦૨/૦૭/૨૦૨૬ |
| ફેંસલ તારીખ : | ૨૩/૦૭/૨૦૨૬ |

| અવધિ | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૨૧ |

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વંથલી.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૯૬/૨૦૨૬.**

**(સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮)**

આંક :

**રમેશભાઈ રામભાઈ કારાવદરા,** **– અરજદાર.**
રહે.ગ્રીન સીટી રોડ, સતનામ ગેરેજ સામે,
ટીંબાવાડી બાયપાસ,
આશોપાલવ સોસાયટી–૩, જુનાગઢ.

**વિરુધ્ધ**

**શ્રી સરકાર.** **– સામાવાળા**

**બાબત :** બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૮ મુજબ પાસપોર્ટ પરત મળવા બાબત.

**ધારાશાસ્ત્રી**
અરજદાર તરફે વિ.વકીલશ્રી વી.યુ. વદર
શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ.દેવાણી

## –:: ચુકાદો ::–

(૧) આ કામના અરજદાર સામે વંથલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૫૮/૨૦૧૩ થી ગુનો દાખલ થયેલો અને સદર ગુનાના કામે અરજદારે ફો.પ.અ.નં.ફ ૧૭૩૩૨/૨૦૧૩ થી નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરતા તે શરતોને આધિન મંજુર કરવામાં આવેલી, જેમાં શરત નં. ૩ અનુસંધાને અરજદારે પોતાનો પાસપોર્ટ ''એફ–૯૩૦૧૧૫૯'' નામ. કોર્ટમાં જમા કરાવેલ છે, ત્યાર બાદ સદર કામે ચાર્જશીટ રજુ થતા તે સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮ થી દાખલ થયેલ અને સદર કેસની ટ્રાયલ ચાલી જતા તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ફેંસલ થયેલ છે અને તેમાં અરજદારને નિર્દોષ જાહેર કરેલ છે. આ કામે કોઇ અપીલ થયેલ નથી અને હાલ અપીલ સમય પણ પૂર્ણ થઇ ગયેલ છે, જેથી તેઓએ જમા કરાવેલ પાસપોર્ટ પરત મળવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરવામાં આવેલ છે તથા આંક–૬ થી પી.આઇ. વંથલી પોલીસ સ્ટેશનનો અભિપ્રાય રજુ થયેલ છે. આ અરજીના કામે અત્રેની કોર્ટના નાઝીરશ્રીનો શેરો વંચાણે લીધો. વધુમાં આ કામે મુખ્ય જીલ્લા ન્યાયાલય, જુનાગઢના નાઝીરશ્રીને સદર પાસપોર્ટ બાબતે ખરાઇ કરવા અત્રેની કોર્ટના જા.નં. ૪૪૫/૨૦૨૬, તા.૧૪/૦૭/૨૦૨૬ થી યાદી કરવામાં આવેલી, જેના અનુસંધાને નાઝીર બ્રાન્ચ, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના જા.નં. સી/૭૩૭/૨૦૨૬, તા.૨૧/૦૭/૨૦૨૬ થી આંક–૯ થી રજુ થયેલ રીપોર્ટ ધ્યાને લીધો.

(૩) અરજી અનુસંધાને અરજદાર તરફે આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધાં. આંક–૮ થી રજુ થયેલ અરજદારનું સોગંદનામુ ધ્યાને લીધું. ત્યાર બાદ પક્ષકારોના વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

(૪) અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીશાની ૩/૨ થી નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરેલ ફો.પ.અ.નં. ૧૭૩૩૨/૨૦૧૩ ના હુકમની નકલ રજુ કરેલ છે, તે વંચાણે

લેતા અરજદારે જામીન મુકત થવા માટે અરજી દાખલ કરતા તે શરતોને આધીન મંજુર કરવામાં આવેલી, જેમાં શરત નં. સી. પાસપોર્ટ સબંધીત કોર્ટમાં જમા કરાવવાનું જણાવેલ છે. નીશાની ૩/૩ થી સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮ ના જજમેન્ટની નકલ રજુ રાખેલ છે, જે જોતા તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ઠરાવ જાહેર કરી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે પી.આઇ. વંથલી પોલીસ સ્ટેશનનો રજુ થયેલ અભિપ્રાય જોતા સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮ ના કામે કોઇ અપીલ દાખલ થયેલ હોય તેવી હકીકત જણાવેલ નથી.

(૫) આ કામે અરજદારના કથન મુજબ તેઓનો પાસપોર્ટ જેતે સમયે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ મુકામે જમા કરાવેલ હતો તેવું આંક- ૮ ના સોગંદનામાથી જાહેર કરેલ છે તેમજ આ કામે અત્રેની કોર્ટના નાઝીરશ્રીનો શેરો વંચાણે લેતા અરજદારનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા થયેલ ન હોવાનો શેરો કરેલ છે. આ કામે અરજદારના કથન મુજબ તેમનો પાસપોર્ટ નામ.ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના નાઝીરશ્રીની સેફ કસ્ટડીમાં હોવા બાબતે રજુઆત કરતા અત્રેની કોર્ટ ધ્વારા પાસપોર્ટ બાબતે ખરાઇ કરવા જા.નં. ૪૪૫/૨૦૨૬, તા.૧૪/૦૭/૨૦૨૬ થી યાદી કરવામાં આવેલી, જેના અનુસંધાને નાઝીર બ્રાન્ચ, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના જા.નં. સી/૭૩૭/૨૦૨૬, તા.૨૧/૦૭/૨૦૨૬ થી આંક-૯ થી રજુ થયેલ જવાબ ધ્યાને લેતા નામ.ગુજરાત હાઇકોર્ટના ફો.પ.અ.નં. ૧૭૩૩૨/૧૩ ના કામે આ કામના અરજદારનો પાસપોર્ટ નં. એફ-૯૩૦૧૧૫૯ ડીસ્ટ્રીકટ કોર્ટ જુનાગઢના નાઝીરશ્રીની સેફ કસ્ટડી રજી.નં. ૬/૨૦૧૩ થી જમા હોવાની હકીકત જાહેર કરેલ છે જે હકીકત ધ્યાને લેતા તેમજ આ કામે પી.આઇ. વંથલી પોલીસ સ્ટેશનનો રજુ થયેલ અભિપ્રાય જોતા સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮ ના કામે કોઇ અપીલ દાખલ થયેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામના અરજદારે ફો.પ.અ.નં. ૧૭૩૩૨/૨૦૧૩ ના કામે શરત નં. સી. અનુસંધાને પોતાનો પાસપોર્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના નાઝીરની સેફ કસ્ટડીમાં જમા પડેલ હોય અને અરજદારની સામેનો સેશન્સ કેસ નં. ૨૨/૨૦૧૮ તા.૨૦/૧/૨૦૨૬ ના રોજ

ફેંસલ થયેલ છે તેમજ સદર કેસના આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને ત્યાર બાદ સદર સેશન્સ કેસના કામમાં કોઇ અપીલ દાખલ થયેલ ન હોય અરજદાર પોતાનો જમા કરાવેલ પાસપોર્ટ પરત મેળવવા હકકદાર બનતા હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર **રમેશભાઇ રામભાઇ કારાવદરા,** રહે. જુનાગઢ નાઓને વંથલી પો.સ્ટે.ગુ.ર.નં. ૫૮/૨૦૧૩ ના કામે નામ.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ફો.પ.અ.નં. ૧૭૩૩૨/૨૦૧૩ ના હુકમની શરત નં. સી. અનુસંધાને પોતાનો **પાસપોર્ટ નં. ''એફ–૯૩૦૧૧૫૯''** વાળો ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના નાઝીરશ્રીની સેફ કસ્ટડી રજી.નં. ૬/૨૦૧૩ થી જમા થયેલ હોય, સદર પાસપોર્ટ આ કામના અરજદારને ઓળખ અંગેના આધાર પુરાવા રજુ કર્યેથી નામ. પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢના નાઝીરશ્રીએ આ કામના અરજદારને પરત સોંપી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારે પોતાનો પાસપોર્ટ મળ્યેથી અત્રેની કોર્ટમાં પુરસીશથી જાહેર કરવું.

(૪) આ હુકમની અમલવારી માટે નાઝીરશ્રી, પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ નાઓને જરૂરી યાદી કરવી.

હુકમ આજ તા. ૨૩ મી, માહે–જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૨૩/૦૭/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**